# સમાજવિદ્યા વિષયના ક્રિયાત્મક સંશોધનોનો અભ્યાસ

ડૉ. દીપિકાબહેન રાઠોડ
આસિ. પ્રોફેસર, એસ.એમ.એન.કે. દલાલ એજ્યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ- ૦૬

## ૧. પ્રાસ્તાવિક

બિન સમાજવિદ્યા ની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે, “Social Studies are whose subject matter relates directly to the organisation and development of human society, and to man as member of social groups.”

સમાજવિદ્યા એ સમાજનો વ્યક્તિ સાથેનો અને વ્યક્તિનો સમાજ સાથેનો પ્રાકૃતિક અને સામાજિક પર્યાવરણમાં યોજના સંબંધને સમજાવતો વિષય છે. સમાજવિદ્યા એટલે સમાજમાં જીવવાની વિદ્યા. તેના આ મહત્ત્વને ધ્યાનમાં લઈને જ તેને શાળા કક્ષાએ એક અભ્યાસ વિષય તરીકે દાખલ કરાયો છે. પણ અવલોકનો જોતા એવું જણાય છે કે ઘણા વિદ્યાર્થીઓને સમાજવિદ્યા માં રસ પડતો નથી, નકશાવાંચનમાં ભૂલો કરે છે, સાલવારી યાદ રહેતી નથી, સમાજવિદ્યામાં ગૃહકાર્ય કરી લાવતા નથી, વગેરે. આ સમસ્યાઓના ઉકેલમાં ક્રિયાત્મક સંશોધન ખુબ ઉપયોગી નીવડે છે.

સ્ટીફન કોરે (1981) ક્રિયાત્મક સંશોધન વિશે જણાવે છે કે " પોતાના નિર્ણયો અને કાર્યોના મૂલ્યાંકન માર્ગદર્શન અને સુધારણા માટેનો શિક્ષકોનો કાર્યક્રમ એટલે ક્રિયાત્મક સંશોધન."

શિક્ષિત પોતાના અધ્યાપન દરમ્યાન અનુભવાતી સમસ્યાઓનો ઉકેલ મેળવી પોતાના કાર્યને સુગમ બનાવી શકે છે. શિક્ષક ક્રિયાત્મક સંશોધન કરતા શીખે તે માટે બી.એડ્ના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ થયો છે. જેને 40 ગુણનો ભારાંક આપવામાં આવ્યો છે. અભ્યાસિક સમાજવિદ્યા વિષય પદ્ધતિના હોવાથી તેમણે 2004-05 અને 2005-06 ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન 38 તાલીમાર્થી બહેનોને સમાજવિદ્યા શિક્ષણ પદ્ધતિમાં ક્રિયાત્મક સંશોધન કરાવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસ આ ક્રિયાત્મક સંશોધન અંગેનો અભ્યાસ છે. સમસ્યાકથન, હેતુઓ, મર્યાદા, માહિતી એકત્રીકરણ, વિશ્લેષણ અને તારણો નીચે મુજબ છે.

## ૨. સમસ્યાકથન

પ્રસ્તુત અભ્યાસનું સમસ્યાકથન નીચે નામાંકિત કરવામાં આવ્યું.

## ૩. હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

1. સમાજવિદ્યા વિષયમાં ઉદભવતી સમસ્યાઓના ઉકેલમાં ક્રિયાત્મક સંશોધનની અસર તપાસવી.

2. ક્રિયાત્મક સંશોધનમાં અહેવાલ લેખનમાં તાલીમાર્થીઓની સજ્જતાનો અભ્યાસ કરવો.

**૪. મર્યાદા**

આ અભ્યાસની મર્યાદાઓ નીચે મુજબ છે.

1. આ અભ્યાસ શ્રીમતી એમ.એન.કે. દલાલ એજ્યુકેશન કોલેજની તાલીમાર્થીઓ પૂરતો સીમિત છે.
2. આ તાલીમાર્થીઓ માત્ર 2019-20 અને 2020-21 એમ બે શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કર્યો હોય તેમનો જ સમાવેશ કરાયો છે.
3. આ અભ્યાસમાં ધોરણ 8માં ભણતા વિદ્યાર્થીઓની સમસ્યાઓ પસંદ કરાઈ છે.
4. આ અભ્યાસ અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓ પૂરતો સીમિત છે.

**૫. માહિતી એકત્રીકરણ**

અભ્યાસિકને શાળાના વિદ્યાર્થીઓ સાથે પ્રાયોગિક કાર્ય નિમિતે સીધા સંપર્કમાં આવવાનું બને છે. અવલોકન દરમ્યાન જણાયું હતું કે વિદ્યાર્થીઓ સમાજવિદ્યામાં ઝાઝો રસ લેતા નથી, પ્રશ્નોના જવાબ આપવામાં ભૂલો કરે છે. ગૃહકાર્ય લાવતા નથી, નકશાવાંચનમાં ભૂલો કરે છે, સાલવારી યાદ રાખતા નથી, વગેરે બી. એડ્‌ના તાલીમાર્થીઓને અભ્યાસના એક ભાગ રૂપે ક્રિયાત્મક સંશોધન કરવાનું હોય છે. તાલીમાર્થીએ સતત શિક્ષણ દરમ્યાન સળંગ દસ દિવસ શાળામાં રહીને અધ્યાપન કાર્ય અને અન્ય પ્રાયોગિક કાર્યો કરવાના હોય છે. માટે કોલેજમાં વિવિધ વિષય પદ્ધતિઓમાં સતત શિક્ષણ દરમ્યાન ક્રિયાત્મક સંશોધન કરાવવાનું આયોજન થયું. અભ્યાસિકાએ 2019-20 વર્ષમાં અભ્યાસ કરતી 20 તાલીમાર્થીઓને અને 2020-21 ના વર્ષની 18 તાલીમાર્થીને સમાજવિદ્યા વિષય પદ્ધતિમાં ક્રિયાત્મક સંશોધન કાર્ય સોંપ્યા. જેમાં તાલીમાર્થીએ જે તે શાળામાં સતત શિક્ષણ દરમ્યાન ધોરણ 8ના વિદ્યાર્થીઓંની સમસ્યા માટે પ્રાયોગિક કાર્ય કરવાનું હતું. તાલીમાર્થીઓ ક્રિયાત્મક સંશોધનની વૈજ્ઞાનિક સમજ આપવામાં આવી હતી. જેમાં કોલેજના પ્રાધ્યાપક તમામ તાલીમાર્થીઓને આખા એક કાર્ય દિવસ (12.30 થી 5.30 સમય દરમ્યાન) સમજ આપી હતી.

ક્રિયાત્મક સંશોધનની વ્યાખ્યા, મહત્વ, હેતુઓ, સોપાનો વગેરેની પૂર્ણ સમજ આપવામાં આવી હતી. અને અગાઉના વર્ષોમાં થયેલા ક્રિયાત્મક સંશોધનોનું વાંચન પણ કરાવવામાં આવ્યું હતું. આમ, તાલીમાર્થીઓ સતત શિક્ષણ દરમ્યાન કરવાના ક્રિયાત્મક સંશોધનથી વાકેફ બન્યાં હતા. સતત શિક્ષણ માટે 2004-05 અને 2005-06 દરમ્યાન અમદાવાદ શહેરની કુલ 10 શાળાઓ પસંદ કરાઈ હતી. જેની યાદી પરિશિષ્ટમાં સામેલ છે.

તાલીમાર્થીઓને ક્રિયાત્મક સંશોધન માટે પૂર્વકસોટી માટે 1, ઉત્તર કસોટી માટે 1 અને પ્રાયોગિક કાર્ય માટે 4 થી 5 તાસ (જરૂરિયાત અને અનુકૂળતા મુજબ) ફાળવવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓ વિદ્યાર્થીઓ સાથે સાયુજ્ય સ્થાયીને કાર્ય કરે મટે સતત શિક્ષણના બે દિવસ પછી કાર્યવાહી આરંભી હતી. પ્રથમ તાસમાં નકશા પૂરવણી અને સાલવારીની કસોટી આપીને પૂર્વકસોટી લેવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ ક્યાં અને કેટલી ભૂલો કરે છે તેની માહિતી મળે અને પ્રાયોગિક કાર્યમાં શેના પર ભાર આપવો તેનો ખ્યાલ મળી શકે. ક્રિયાત્મક સંશોધનોના સોપાનો અનુસાર સમસ્યાના કારણોની ધારણા અને હકીકતોને અનુસાર સમસ્યાના કારણોની ધારણા અને હકીકતોને આધારે અનુમાન કરવામાં આવે

છે. અને પછી ઉત્કલ્પના બાંધવામાં આવે છે. તાલીમાર્થીઓએ કારણોની તપાસ તો કરી હતી પણ અનુકૂળતા પ્રમાણે ઉત્કલ્પના પ્રાથમિક જ નિર્ધારિત કરી દીધી હતી. "જો શિક્ષિકા નકશા પૂરવણી અને સાલાવરી માટે વિશેષ શિક્ષણ આપીને મહાવરો કરાવે તો વિદ્યાર્થીઓમાં ભુલોનું પ્રમાણ ઘટે." તાલીમાર્થીઓએ જે - તે શાળામાં પોતે પસંદ કરેલા ધો-8 ના વર્ગમાં 4 થી 5 તાસ દરમ્યાન પ્રાયોગિક કાર્ય કર્યું. વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા 57 થી 71 હતી. કુલ વિદ્યાર્થીઓની સંખ્યા 622 થતી હતી. તાલીમાર્થીઓએ છોકરા અને છોકરીઓની સંખ્યાઓનો ઉલ્લેખ કર્યો ન હોવાથી તેઓ કેટલી સંખ્યામાં હતા તેની માહિતી મળી શકી નથી. બધી શાળાઓ સહશિક્ષણ શાળાઓ હતી. જેમાં છોકરાઓ અને છોકરીઓ સાથે અભ્યાસ કરતા હતા.

પૂર્વ કસોટી બાદ તાલીમાર્થીઓએ પ્રાયોગિક કાર્ય દરમ્યાન 4 થી 5 તાસોમાં નીચે મુજબ વિશેષ શિક્ષણકાર્ય કર્યું હતું. ભૂગોળ વિષયમાં નકશાવાંચનની ભૂલો ઘટાડવા માટે આ પ્રમાણે કાર્ય કર્યું હતું.

તાસ-1 : ગુજરાત રાજ્યનો રેખાંકિત નકશો અને જિલ્લા અંગેની માહિતીનું શિક્ષણ.

તાસ-2 : ભારત દેશનો રેખાંકિત નકશો અને તેના વિવિધ રાજ્યો અંગે માહિતી.

તાસ-3 : વિશ્વનો નકશો અને તેના વિવિધ દેશો અંગે માહિતી.

તાસ-4 : ત્રણેય નકશા વાંચન અંગેનું દ્રઢીકરણ કાર્ય.

તાસ-5 : સ્વાધ્યાય પોથીમાં નકશાપૂર્તિનું કાર્ય

ઈતિહાસ વિષયમાં સાલવારી માટે નીચે મુજબ કાર્ય કરવામાં આવ્યું હતું.

તાસ-1 : વિવિધ એકમ આધારિત સમયરેખાનું દર્શન.

તાસ-2 : સમયરેખા બનાવતા શીખવવું.

તાસ-3 : સમયરેખા ઉપયોગિતા અંગેનું શિક્ષણ.

તાસ-4 : સમયરેખાના એકમોની પસંદગી.

તાસ-5 : એકમ 3 અને 5 પ્રમાણે સમયરેખા બનાવવી.

આ પ્રમાણે તાલીમાર્થીઓએ શિક્ષણ આપતા વિદ્યાર્થીઓને વધુ રસ પડ્યો હતો તેવું જણાયું હતું. પ્રાયોગિક કાર્ય બાદ ઉત્તર કસોટી માટે બીજો એક તાસ લીધો હતો. અને તેમાં થયેલી ભૂલોની તાલીમાર્થીઓએ નોંધ કરી હતી. અને વર્ગની સરાસરી ભુલોનું પ્રમાણ કાઢ્યું હતું. જેમાં દરેક તાલીમાર્થીઓનું ભુલોનું પ્રમાણ ઘટતું જોવા મળ્યું હતું. આ સર્વ ક્રિયાત્મક સંશોધનનું નીચે મુજબ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

## ૬. માહિતી વિશ્લેષણ

એકત્રિત માહિતીનું વિશ્લેષણ પરિણામો અને અર્થઘટન તરફ દોરી જાય છે. માહિતીનું વિશ્લેષણ કરવા માટે બંને વર્ષની તાલીમાર્થીઓના સમાજવિદ્યામાં થયેલા કક્રિયાત્મક સંશોધનના અહેવાલ તપાસવામાં આવ્યા. તેમના પ્રાયોગિક કાર્યની વિગતો, તારણો, અને અર્થઘટન પરથી પ્રસ્તુત અભ્યાસના તારણો તારવવામાં આવ્યા. વિશ્લેષણ માટે ગુણાત્મક સંશોધનની પદ્ધતિ અપનાવામાં આવી હતી. પ્રત્યેક તાલીમાર્થીએ પૂર્વ કસોટી દરમ્યાન લીધેલી કસોટીનું પૃથ્થકરણ

કરીને વિદ્યાર્થીઓની સરેરાશ ભૂલો જણાયી હતી. અને પ્રાયોગિક કાર્યને અંતે લીધેલી ઉત્તર કસોટીમાં થયેલી ભૂલોની સરેરાશ પણ જણાયી હતી. આ સરેરાશની સરેરાશ કાઢવામાં આવી હતી. અને તે પરથી તારણો ફલિત કરવામાં આવ્યા. અને તાલીમાર્થીઓના અહેવાલ લેખનની સજ્જતા અંગેનો અભ્યાસ કરવા 38 હેવાલોનું ગુણાત્મક રીતે વિશ્લેષણ કરવામાં આવ્યું. પ્રસ્તુત વિશ્લેષણના તારણો નીચે મુજબ છે:

## ૭. તારણો

પ્રસ્તુત અભ્યાસ તારણો નીચે મુજબ છે.

1. ધોરણ 8ના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી દરમ્યાન સરેરાશ 21 જેટલી ભૂલો નકશાવાંચન અને સાલવારી યાદ રાખવામાં કરી હતી.
2. ઉત્તર કસોટી દરમ્યાન સરેરાશ ભૂલો 13 જેટલી જોવા મળી હતી તેના પરથી કહી શકાય કે ક્રિયાત્મક સંશોધનના પ્રાયોગિક કાર્યથી વિદ્યાર્થીઓમાં ભુલોનું પ્રમાણ ઘટતું જોવા મળ્યું હતું.
3. તાલીમાર્થીઓએ પરિણામોમાં નોંધ્યું છે કે પ્રાયોગિક કાર્યથી વિદ્યાર્થીઓ સમાજવિદ્યાના અધ્યયનમાં વધુ રસ લેતા હતા અને પ્રશ્નોના જવાબ આપવામાં ઉત્સાહ દાખવતા.
4. વિદ્યાર્થીઓએ આપેલી રકમ કસોટીમાં પણ વિદ્યાર્થીઓનું પરિણામ સારું આવ્યું હતું.
5. તાલીમાર્થીઓને થયેલા અનુભવોમાં એવું જણાયું છે કે કેટલીક શાળાના શિક્ષકો અને આચાર્યોએ પણ આ ક્રિયાત્મક સંશોધનમાં પરિણામો જાણવામાં રસ દાખવ્યો.
6. તાલીમાર્થીઓ અહેવાલ લેખનમાં મૌખિક અભિવ્યક્તિ કરવામાં ઓછા સજ્જ જણાયા. તેઓ સૈધાન્તિક બાબતો વિશેની નોંધ લગભગ એક જ પ્રકારની લખી હતી.
7. કેટલીક તાલીમાર્થીઓએ માહિતી એકત્રીકરણ વગેરેના લેખનકાર્યમાં પ્રથમ પુરુષ એકવચનનો ઉપયોગ કરીને લેખનકાર્ય કર્યું હતું.
8. 50 ટકા તાલીમાર્થીઓના અક્ષરો સુંદર અને સુવાચ્ય જણાયા. ત્રણ તાલીમાર્થીઓના અક્ષરો ખુબ જ ખરાબ હતા.
9. ક્રિયાત્મક સંશોધનને આધારે થતા પ્રત્યે તેઓ ઓછી સૂઝ જોવા મળી.
10. અહેવાલ લેખણમી પરિભાષાના લેખનમાં તેઓમાં ઓછી સજ્જતા જોવા મળી. તેઓની વાક્ય રચના શિથિલ જણાતી હતી.
11. તાલીમાર્થીઓ આ કાર્ય કરવામાં ઉબ જ રસ પડ્યો, આનંદ આવ્યો અને સંતોષ પણ થયો, પણ તેઓને લેખન કાર્યમાં ઓછો રસ પડ્યો.

## ૮. સારાંશ

ક્રિયાત્મક સંશોધન કોઈપણ શિક્ષક માટે પોતાની સમસ્યાઓના ઉકેલ માટે હાથવગી ઉપયોગી પદ્ધતિ છે. પરિણામો જોતા દરમ્યાન ચોક્કસ કહી શકાય કે માત્ર 4 કે 5 તાસ દરમ્યાન થયેલા આવા વિશેષ પ્રાયોગિક કાર્યોને આટલું સુંદર પરિણામ લાવી શકે તો જો શિક્ષક સ્વયં પોતાને થતી સમસ્યાઓના સંદર્ભમાં થોડા સક્રિય થઈને નાના પાયાના

સંશોધનો કરે તો વિદ્યાર્થીઓ માટે સિદ્‌ધિના શિખરો સર કરવા સહેલા બની જાય. આ જ સંદર્ભમાં ડૉ. ગુણવંત શાહે લખ્યું છે કે, ક્રિયાત્મક સંશોધનોએ નાની સિંચાઈ યોજનાઓ છે.

ક્રિયાત્મક સંશોધનના લેખન કાર્ય માટે થોડી વિશેષ કાળજી લેવાની જરૂર છે. તેઓને અગાઉના સંશોધન કાર્યનો વધુ અભ્યાસ કરવાની તકો આપવી જોઈએ. જેથી તેઓ લેખન કાર્ય પ્રત્યે વધુ સજ્જ બને. આવા સંશોધન પ્રત્યેક બી.એડ્ કોલેજમાં વધુ સઘનતાથી થાય અને શિક્ષકો તેને પોતાના વ્યવસાય કાર્યનો હિસ્સો બનાવે તો શૈક્ષણિક પર્યાવરણ સુધારી શકાય.

## સંદર્ભસૂચિ

1. Baburoglu, O.N. and Ravn, I. "Normative Action Research." Organization Studies (13:1), 1992, pp. 19-34.
1. Carr, W. and Kemmis, S. Becoming Critical: Education, Knowledge and Action Research, Falmer Press, London, 1986.
2. Chisholm, R.F. and Elden, M. "Features of Emerging Action Research," Human Relations (46:2), 1993, pp. 275-298.
3. Rapoport, R.N. "Three Dilemmas in Action Research," Human Relations, (23:4), 1970, pp. 499-513.
4. Susman, G.I. "Action Research: A Sociotechnical systems perspective," in Beyond Method: Strategies for Social Science Research, G. Morgan (ed.), Sage Publications, London, 1983.
5. Torbert, William R. (1981). "Why Educational Research Has Been So Uneducational: The Case for a New Model of Social Science Based on Collaborative Inquiry". In Reason, P.; Rowan, J. (eds.). Human Inquiry. John Wiley and Sons. pp. 141–151. ISBN 978-0471279365.